જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૦૧/૧૨/૨૦૧૮ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૩૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૩૧૨ લીટર દેશી દારૂ, ૦૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૩૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બિનવારસી મૃત નવજાત શીશુ મળી આવ્યુ :-** **સમાચાર યાદી નં.૨૩૩૯/૧૮**

**વાડજઃ** તા.૩૦/૧૧/૧૮ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે રામાપીરનો ટેકરો ભાણજીભાઈના પીઠા પાછળ આંબેડકરની ચાલી નજીક તાજુ જન્મેલ મૃત નવજાત શિશુ ત્યજી દીધેલ હાલતમાં મળી આવતા વાડજ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.કિશ્ચિન ચલાવે છે.

**અપમૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૩૪૦/૧૮**

**નારોલઃ** નિખીલભાઇ સંતોષભાઇ મિશ્રા (ઉ.વ.૨૫) (રહે. વેરાઇપાર્ક સોસાયટી મોની હોટલના ખંચામા નારોલ) તા.૩૦/૧૧/૧૮ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે નારોલ મોતીપુરા ખાતે આવેલ જયેશ ટેક્ષટાઇલ કંપનીમાં ફીનીશીંગના જીરો મશીન ઉપર કાપડના ફીનીશીંગનુ કામ કરતા હતા ત્યારે ચાલુ મશીને કાપડને આંટી પડતા કાપડ સરખુ કરવા જતા નીખીલભાઈનો હાથ મશીનમા આવી જતા મશીનની અંદર હાથ ખેંચાઇ જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે ૧૦૮ વાનને ફોન કરતા ૧૦૮ વાનના ફરજ પરના ડૉશ્રીએ નિખીલભાઈને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી નરસિહ રૂપસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.